# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-04-2024 Midday : 1.20 to 1.30

Day : Friday National News

## આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

**************************************************

- લોકસભાના પ્રથમ તબક્કા માટે 17 રાજ્યો અને 4 કેન્દ્ર શાસિતપ્રદેશોની કુલ 102 બેઠકો મતદાન ચાલી રહ્યું છે.....1 હજાર, છસ્સો, 25 ઉમેદવારોના ભાવિનો થશે ફેંસલો...
- રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, પ્રધાનમંત્રી મોદી તેમજ મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે નાગરિકોને વિક્રમજનક મતદાન કરવાની અપીલ કરી...
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરથી... તો ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ અને સંસદ સભ્ય સી.આર.પાટીલ અને કોંગ્રેસ ઉમેદવાર નૈસધ દેસાઈએ નવસારીથી ભર્યું ઉમેદેવારી પત્ર ...
- ઇરાન- ઇઁઝરાયેલ વચ્ચે સંઘર્ષની સ્થિતિ વણસી...... ઇઝરાયેલે ઇરાનના ઇસફહાન શહેર પર કર્યો હવાઈ હુમલો....તો યુરોપિયન યુનિયને ઇરાન સામે લાગુ કર્યા નવા પ્રતિબંધ....
- ગુજરાત સહિત ઉત્તર ભારતમાં બે દિવસ ગરમીનો પ્રકોપ, હવામન વિભાગે તડકામાં ન નીકળવાની સલાહ આપી...
- અને....IPLમાં આજે લખનૌના એકાના સ્ટેડ઼િયમમાં લખનૌ સુપર જાયન્ટ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે થશે મુકાબલો .

**************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Loksabha Election

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આજે 17 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. જેમાંથી 11 બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને 18 બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત છે.

સવારે 11 વાગ્યા સુધીમાં ત્રિપુરામાં લગભગ 35 ટકા, પશ્ચિમ બંગાળમાં 33 ટકાથી વધુ, મેઘાલયમાં લગભગ 32 ટકા, મધ્યપ્રદેશ અને મણિપુરમાં લગભગ 30 ટકા, છત્તીસગઢ અને પુડુચેરીમાં 28 ટકાથી વધુ, મિઝોરમમાં 28 ટકા, આસામ અને ઉત્તર પ્રદેશમાં 27 ટકાથી વધુ, ઉત્તરાખંડમાં 25 ટકાથી વધુ, તમિલનાડુમાં લગભગ 24 ટકા, જમ્મુ અને કાશ્મીર અને નાગાલેન્ડમાં લગભગ 23 ટકા, રાજસ્થાનમાં 22 ટકાથી વધુ, આંદામાન અને નિકોબારમાં 22 ટકા, સિક્કિમમાં 21 ટકા બિહારમાં 20 ટકાથી વધુ, મહારાષ્ટ્રમાં 19 ટકાથી વધુ, લક્ષદ્વીપમાં 16 ટકાથી વધુ મતદાન થયું હતું.

આ તબક્કામાં કુલ એક હજાર છસો 25 ઉમેદવારોના રાજકીય ભાવિનો ફેંસલો થશે. અગ્રણી ઉમેદવારોમાં વરિષ્ઠ નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓ નીતિન ગડકરી, સર્બાનંદ સોનોવાલ, કિરેન રિજિજુ, ડૉ. જિતેન્દ્ર સિંહ, સંજીવ બાલ્યાન, તમિલસાઈ સુંદરાજન અને જિતિન પ્રસાદ અને કોંગ્રેસના નેતાઓ ગૌરવ ગોગોઈ, કાર્તિ ચિદમ્બરમ અને નકુલ નાથ, ડીએમકે નેતા દયાનિધિ મારનનો સમાવેશ થાય છે.

સવારે 7 વાગ્યે શરૂ થયેલ મતદાન સાંજે 6 વાગ્યા સુધી ચાલુ રહેશે, પરંતુ ઉત્તર-પૂર્વીય અને પર્વતીય રાજ્યોમાં સાંજે 4 અને 5 વાગ્યે અને ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં બપોરે 3 અને 4 વાગ્યે પૂર્ણ થશે. ચૂંટણી પંચે તમામ મતદાન મથકો માટે

આંતરમાળખાકીય સંચાલન સુનિશ્ચિત કર્યું છે, જેથી દરેક મતદાર સરળતાથી પોતાનો મત આપી શકે.

મુક્ત અને ન્યાયી મતદાન સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ચાર હજારથી વધુ ફ્લાઈંગ સ્કવોડ્સ, પાંચ હજારથી વધુ આંકડાકીય મોનિટરિંગ ટીમો અને બે હજારથી વધુ વીડિયો સર્વેલન્સ ટીમો સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. પચાસ ટકાથી વધુ મતદાન મથકોમાં વેબકાસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. તમામ મતદાન મથકો પર માઈક્રો ઓબ્ઝર્વર તૈનાત કરવામાં આવ્યા છે. 1300 થી વધુ આંતરરાજ્ય અને 162 આંતરરાષ્ટ્રીય સરહદ ચોકીઓ પરથી પણ કડક તકેદારી રાખવામાં આવી રહી છે.

# STENCIL-1000-HRS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને આજથી શરૂ થનારી લોકસભાની ચૂંટણીમાં વિક્રમજનક સંખ્યામાં તેમના મતાધિકારનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.

દેશના ભાવિને ઘડવામાં સહભાગિતાના મહત્વ પર ભાર મૂકતા, રાષ્ટ્રપતિ મુર્મુએ ખાસ કરીને પ્રથમ વખતના મતદારોને, સશક્તિકરણની આ ક્ષણનો લાભ લેવા અપીલ કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવા અને પ્રથમ વખત મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી. તેમણે કહ્યું, છેવટે, દરેક મતની ગણતરી થાય છે અને દરેક અવાજ મહત્વપૂર્ણ છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે લોકોને આજથી શરૂ થઈ રહેલી લોકસભા ચૂંટણીમાં મતદાન કરવાની અપીલ કરી છે. મીડિયા સાથે વાત કરતા શ્રી કુમારે કહ્યું કે, આજે મતદાનનો દિવસ છે અને મોટી સંખ્યામાં સલામતીના પગલે લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચ મતદાન મથકો પર દરેકનું સ્વાગત કરી રહ્યું છે અને લોકોએ મતદાન કરવું જ જોઈએ.

# Chief Election Commissioner

કેન્દ્રિય મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે લોકસભાની ચૂંટણીમાં મોટી સંખ્યામાં મતદાન કરીને પોતાની જવાબદારી અદા કરવા નાગરિકોને અનુરોધ કર્યો છે.

તેમણે આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં કહ્યું કે, મતદાન એ દરેક નાગરિક અને સમગ્ર દેશ માટે જરૂરી છે. ભૂતકાળમાં ઘણી પરિસ્થિતિમાં એક મત ખૂબ જ મહત્વ ધરાવતો હોવાની વાત પૂરવાર થઈ છે. આથી મતદારોએ મતદાનને ઓછું આંકવું ન જોઈએ.

શ્રી રાજીવકુમારે જણાવ્યું કે, દેશના નાગરિકોની ઉત્સાહભેર સહભાગિતાના કારણે ભારતીય લોકશાહીના ઇતિહાસમાં અત્યાર સુધીની ચૂંટણીઓ નિયમિત રીતે, સરળતાથી અને ઉચ્ચ ગુણવત્તા સાથે યોજી શકાઈ છે.

તેમણે ચૂંટણી પંચ દ્વારા મતદારોને પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા કરાયેલી વ્યવસ્થાની જાણકારી આપી હતી. 85 વર્ષથી વધુના ઉંમરના અને દિવ્યાંગ મતદારો પોતાના નિવાસસ્થાનેથી સરળતાથી મતદાન કરી શકે તે માટે પણ વ્યવસ્થા કરાઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનરે ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ તકેદારીઓ રાખવા મતદારોને અપીલ કરી છે.

# Lok Sabha elections

રાજ્યની 26 લોકસભા બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે આજે બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. કેન્દ્રિય ગૃહમંત્રી અને ગાંધીનગર મતવિસ્તારના ઉમેદવાર અમિત શાહે ગાંધીનગર લોકસભાની બેઠક પરથી વિજય મુહુર્તમાં ઉમેદવારીપત્ર ભર્યું છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે આજે નવસારી બેઠક પરથી વિજય મુહુર્તમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. ઉમેદવારીપત્ર ભરતી વખતે સી આર પાટિલ સાથે સંસદીય મતવિસ્તારમાં આવતા ધારાસભ્યો અને જિલ્લા ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન નવસારી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નૈસધ દેસાઈએ પણ ઉમેદવારીપત્ર ભર્યું છે.

જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુનમબેન માડમે, દમણ દીવ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર કેતનભાઈ પટેલે, ઉમેદવારી પત્ર ભર્યું હતું. પંચમહાલ લોકસભા બેઠક પરતી બહુજન સમાજવાદી પાર્ટીના ઉમેદવાર શૈલેષ ઠાકરે ફોર્મ ભર્યું હતું.

# IRAN_ISREAL

ઇરાને આજે સવારે ઇઝરાયેલના સંભવિત ડ્રોન હુમલાને ખાળવા માટે ઇસ્ફહાન શહેર નજીક  એર ડિફેન્સ મિસાઇલો છોડી હતી.

ઇઝરાયેલના વળતા હુમલાની આશંકાના પગલે ઇરાને બચાવમાં આ ડિફેન્સ મિસાઇલ છોડી હતી. ઈરાનની ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે, ઈસાફહાન એરપોર્ટ પર વિસ્ફોટનો અવાજ સંભળાયો પરંતુ તેનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી.

અન્ય એક સમાચાર એજન્સીએ નામ નહીં આપવાની શરતે વરિષ્ઠ સૈન્ય અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે, ઈસાફહાનમાં સવારે સાંભળવામાં આવેલા વિસ્ફોટો શહેરની હવાઈ સંરક્ષણ પ્રવૃત્તિ સાથે સંબંધિત હતા.

જોકે આ સમગ્ર મામલે યુ.એસ. અધિકારીઓએ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ અમેરિકન બ્રોડકાસ્ટ નેટવર્ક્સના નામ આપ્યા વિના યુ.એસ. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલે હુમલો કર્યો હતો. દરમિયાન ઈરાનના કેટલાક શહેરોમાં ફ્લાઈટ્સ થોડા સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. સીરિયા અનેઈરાકમાં પણ વિસ્ફોટો થયાના અહેવાલ છે.

# EU-IRAN

યુરોપિયન સંઘના અગ્રણીઓએ ઇરાન દ્વારા ઇઝરાયલ ઉપર ડ્રોન અને મિસાઇલ વડે કરાયેલા હુમલાના પગલે ઇરાન સામે નવા પ્રતિબંધો લાદવાનો નિર્ણય કર્યો છે.

બ્રેસેલ્સમાં યોજાયેલી બે દિવસીય પરિષદમાં ચર્ચાના અંતે આ નિર્ણય લેવાયો છે. યુરોપિયન સંઘના અગ્રણીઓએ બધા જ પક્ષોને સંયમથી વર્તવાની અપીલ કરી છે અને કોઈપણ કામગીરી વડે મધ્યપૂર્વમાં તનાવની સ્થિતિ ઉભી ન થાય તેવી તકેદારી લેવા અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ઇરાને તાજેતરમાં ડ્રોન અને મિસાઇલ વડે ઇઝરાયલ ઉપર અસાધારણ હુમલો કર્યો હતો.

# TEMPRATURE

હવામાન વિભાગે ઓડિશા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારોમાં આગામી 2 દિવસ દરમિયાન ગરમીનું તીવ્ર મોજું ફરી વળે તેવી સંભાવના દર્શાવી છે.

ગરમીના મોજાના પગલે સંબંધિત વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા છે. ઝારખંડ, ઉત્તર કોંકણ, સૌરાષ્ટ્ર, મધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા, તમિલનાડુ અને પુડુચેરીમાં પણ ગરમીના મોજાની સંભાવના છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક, આર કે જેનામાનીએ લોકોને સાવચેતી રાખવાની સલાહ આપી છે. તેમણે દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં કેટલાંક સ્થળોએ હળવા વરસાદની શક્યતા હોવાનું જણાવ્યું હતું. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની સંભાવના છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનૌ સુપર જાયન્ટ્સનો મુકાબલો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે થશે.

ગઈકાલે રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે પંજાબ કિંગ્સને નવ વિકેટે હરાવ્યું છે. 193 રનના લક્ષ્યનો પીછો કરતા પંજાબ કિંગ્સ 19.1 ઓવરમાં 183 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પંજાબ તરફથી આશુતોષ શર્માએ 28 બોલમાં 61 રન બનાવ્યા હતા. મુંબઈ માટે જસપ્રિત બુમરાહ અને ગેરાલ્ડ કોએત્ઝીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. આ પહેલા પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સે 20 ઓવરમાં સાત વિકેટે 192 રન બનાવ્યા હતા. મુંબઈ માટે સૂર્યકુમાર યાદવે 53 બોલમાં 78 રન બનાવ્યા હતા જ્યારે પંજાબ તરફથી હર્ષલ પટેલે ત્રણ વિકેટ ઝડપી હતી.

# Maharastra Election Campaing

મહારાષ્ટ્રમાં, ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે તાલેગાંવ ગામમાં વર્ધા મતવિસ્તારના ભાજપના ઉમેદવારના સમર્થનમાં ચૂંટણી પ્રચાર રેલીને સંબોધશે. ભાજપના વર્તમાન સાંસદ રામદાસ તડસ ત્રીજી વખત મહાયુતિના ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડશે.

જ્યારે મહાવિકાસ અઘાડી તરફથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી - શરદચંદ્ર પવાર જૂથે અમર કાલેને વર્ધા મતવિસ્તારમાંથી મેદાનમાં ઉતાર્યા છે. એનસીપીના ઉમેદવાર આ બેઠક પરથી પ્રથમ વખત ચૂંટણી લડી રહ્યા છે. બહુજન સમાજ પાર્ટીએ ડો. મોહન રાયકવારને ઉમેદવાર બનાવ્યા છે. આ મતવિસ્તારમાં કુલ 24 ઉમેદવારો મેદાનમાં છે.

મધ્યપ્રદેશમાં, રાજ્યમાં ચૂંટણી પ્રચાર ચરમસીમાએ છે. ભાજપની સાથે કોંગ્રેસ, બસપા, સપા અને અપક્ષ ઉમેદવારો પણ જોરશોરથી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશના દમોહ જિલ્લામાં આવી રહ્યા છે. તેઓ દમોહ જિલ્લાના ઇમલાઈ ગ્રામ ગ્રાઉન્ડમાં જનસભાને સંબોધશે.

કેરળમાં, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા વાયનાડ, કોટ્ટયમ અને તિરુવનંતપુરમ સંસદીય ક્ષેત્રોમાં રોડ શોમાં ભાગ લેશે. તેઓ આજે બપોરે પલક્કડ જિલ્લાના શોરનુરમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.